## પુષ્ટિમાર્ગીય કથા અને સખ્યભક્તિ

– અસિત શાહ.

ગ્રંથ ''પંચપદ્યાનિ'' ષોડશગ્રંથો પૈકીના ઉપેક્ષિત ગ્રંથોમાંનો એક છે, કેમકે આધુનિક વક્તા અને શ્રોતા બંને તે પ્રત્યે પોતાના આગવા કારણોસર ''ટૅક ઇટ ઈઝી''નું વલણ ધરાવે છે. તથાકથિત વક્તાઓ અધિકારીશ્રોતાસાપેક્ષ ન હોઈને પૈસા-પ્રસિધ્ધિ-ચેલા બનાવવા આદિ સર્વહેતુવિવર્ધિત કથા કરવા લાગ્યા છે. શ્રોતાઓ ય કાંઈ ગાંજ્યા જાય એવા નથી; તેઓ ય ટાઈમપાસ-પરિચયસંચય-છૂટક વસ્તુઓનું માર્કેટિંગ આદિ હેતુસર સાંભળવા આવી ચઢે છે.

પણ તેથી પુષ્ટિભક્તની સાધનામાં કથાનું કે ગ્રંથ પંચપદ્યાનિનું મહત્વ ઘટી નથી જતું. આમ તો જાણે કે પાંચ કક્ષાના શ્રોતાઓ ગણાવ્યા છે શ્રીઆચાર્યચરણે, પણ ધ્યાનથી જોઈએ તો જેમ સિધ્ધાન્તમુક્તાવલી-ભક્તિવર્ધિનીમાં સેવાપરાયણ ભક્તિમાર્ગીની ભક્તિવૃધ્ધિના સોપાનો દર્શાવ્યા છે તેમ અહીં પંચપદ્યાનિમાં કથાપરાયણ ભક્તિમાર્ગીની ભક્તિવૃધ્ધિના સોપાનો દર્શાવ્યા છે.

કથોપદેશને સમગ્રતાથી સમજવા ષોડશગ્રંથો પૈકી ભક્તિવર્ધિની, જલભેદ-પંચપદ્યાનિ, સંન્યાસનિર્ણય અને નિરોધલક્ષણમાં તેને લગતા નિરૂપણને સાંકળી લેવા રહ્યા. ભક્તિવર્ધિનીમાં તેને કથા અને શ્રવણકીર્તન તરીકે વિવિધ અધિકારીઓના કર્તવ્યતયા બતાવેલ છે. નિરોધલક્ષણમાં તેને ગુણગાન તરીકે જ્ઞાનમાર્ગથી ઉત્કૃષ્ટતયા પ્રશસ્ત સુખદ સુખરૂપ કર્તવ્યતયા ઉપદેશેલ છે. સંન્યાસનિર્ણયમાં વિષયાસક્તિ તથા સ્વીયબન્ધથી નિવૃત્ત પ્રેમપ્લુત ભક્તને વિકલતા અને અસ્વાસ્થ્યના તબક્કામાંથી પસાર થતી ઘડીએ જીવન ટકાવી રાખવા તેને ઉપદેશેલ છે. તે વ્યાપક સંદર્ભમાં વિચારતાં અહીં શ્રવણોત્સુકતયા ગણાવેલ શ્રોતાઓ તે અસલમાં ગુણગાનપરાયણ ભગવત્સ્મરણરત ભક્તો છે. તેઓ કેવલ શ્રવણ કરીને અટકી ન જતાં અનાયાસ જ કીર્તન કે ગાન કરવા ય લાગી જાય અને તેમ કરતાં કરતાં વિકલ અને અસ્વસ્થ થઈ આવેશમાં મગ્ન થઈ રુદન કરતાં કે મૌન પણ થઈ જાય ! વરસો સુધી નરી આ સપ્તાહથી તે સપ્તાહમાં ભટકગતિ કરતા નહીં દેખાય.

મુખ્ય ત્રણ અધિકારીઓ વિશે વિચારીએ તો ''શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસારતિવર્જિતાઃ અનિર્વૃતા લોકવેદે''ની મનસ્થિતિ ભ્રમરગીતપ્રસંગમાં ગોપીજનોની મનસ્થિતિ જેવી છે ''ઇતિ ગોપ્યો હિ ગોવિન્દે ગતવાક્કાયમાનસાઃ કૃષ્ણદૂતે વ્રજં યાતે ઉધ્ધવે ત્યક્તલૌકિકાઃ ગાયન્ત્યઃ પ્રિયકર્માણિ રુદન્ત્યશ્ચ ગતહ્રિયઃ તસ્ય સંસ્મૃત્ય સંસ્મૃત્ય યાનિ કૈશોરબાલ્યયોઃ''. અર્થાત્ શ્રીકૃષ્ણરસથી તેમના માનસમાં જ માત્ર નહીં પણ કાયા અને વાણીના વ્યવહારોમાં પણ વિક્ષેપ થાય છે. આને ભક્તિવર્ધિનીના ''બીજભાવે દૃઢે તુ સ્યાત્ ત્યાગાત્ શ્રવણકીર્તનાત્''ઉપદેશના સિધ્ધવ્યસનાધિકારીની સર્વથા નિરુધ્ધ મનસ્થિતિ કહી શકાય. જોકે કોઈ ટીકાકારોએ એવું અર્થઘટન કર્યું નથી પણ મારા મતે અહીં 'રતિવર્જિતાઃ'પદથી શ્રીગુસાંઈજી શૃંગારરસમંડન ગ્રંથના આરંભે જેમને ''રસિકાઃ કામવર્જિતાઃ'' કહે છે તેવા પ્રાપંચિક પદાર્થો કે સ્વયં ભગવાનમાં લૌકિકકામવર્જિત ભગવદ્રસરસિક ભક્તો અહીં નિર્દિષ્ટ છે.

પછીની ''વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ અર્થૈકનિષ્ઠાઃ''ની મનસ્થિતિ તે જ પ્રસંગમાં નંદરાયજી-યશોદાજીની વર્ણવી છેઃ ''ઇતિ સંસ્મૃત્ય સંસ્મૃત્ય નન્દઃ કૃષ્ણાનુરક્તધીઃ અત્યુત્કણ્ઠોઽભવત્ તૂષ્ણીં પ્રેમપ્રસરવિહ્વલઃ. યશોદા વર્ણ્યમાનાનિ પુત્રસ્ય ચરિતાનિ ચ શૃણ્વત્યશ્રૂણ્યવાસ્રાક્ષીત્ સ્નેહસ્નુતપયોધરાઃ''. આને ભક્તિવર્ધિનીના ''ત્યાગં કૃત્વા યતેદ્ યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ લભતે સુદૃઢાં ભક્તિં''ઉપદેશના આસક્તાધિકારીની નિરુધ્ધ મનસ્થિતિ કહી શકાય. જોકે અહીં ખુલાસો કરી દઉં કે હું નંદરાયજી આદિને સાધક કક્ષામાં નથી પટકી રહ્યો; ફક્ત તેમના મનોભાવોને સરખાવી રહ્યો છું. વળી વ્રજભક્તેતર ભક્તો પૈકી પણ પ્રપંચવિસ્મૃતિ જેને સંપન્ન થઈ હોય તેઓ આસક્ત હોય અને વ્યસની ન હોય તો પણ તેમને સિધ્ધ કક્ષામાં જ ગણવા જોઈએ.

તે પછી ''નિઃસન્દિગ્ધં કૃષ્ણતત્ત્વં સર્વભાવેન યે વિદુઃ તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ વા ન ચાન્યથા પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિદ્ ન તુ સર્વથા''ની મનસ્થિતિ ઉધ્ધવજીની છે. તેમના મુખેથી કૃષ્ણલીલાકથા સાંભળી વ્રજભક્તો તો ભગવત્સ્મૃતિરત થઈ ગયા પણ તેઓ સ્વયં કેટલા આર્દ્ર થયા તે સ્પષ્ટ નથી; ''ઉવાસ કતિચિન્માસાન્ ગોપીનાં વિનુદન્ શુચઃ કૃષ્ણલીલાકથા ગાયન્ રમયામાસ ગોકુલમ્ ... કૃષ્ણં સંસ્મારયન્ રેમે હરિદાસો વ્રજૌકસામ્''. તેને ''અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ''ઉપદેશના પ્રેમના આરંભિક તબક્કે સ્થિત માહાત્મ્યજ્ઞાનયુત ભક્તિમાર્ગી અધિકારીની રાગાત્મિકા મનસ્થિતિ સાથે

સરખાવી શકાય.

તેથી નીચેની કક્ષાના બે શ્રોતાનો વિચાર અહીં બહુ ઉપકારક નહીં રહે તેથી નથી કરી રહ્યો. સંક્ષેપમાં કથાપરાયણ ભક્તિમાર્ગીના ત્રણ સોપાનો અહીં બતાવ્યા (૧) માહાત્મ્યજ્ઞાનયુક્ત ગુણગાનપરાયણ ભક્તિમાર્ગીને પ્રેમ પ્રકટ થતાં ક્યારેક ક્ષણિક આવેશ કે નિરોધ સિધ્ધ થતાં તેટલા સમય પૂરતી વિકલતા અનુભવાય; જાણે દીવાની જ્યોત પ્રજ્વલિત થતી અને ઓલવાતી રહે. (૨) ભગવદાસક્તિ સિધ્ધ થતાં ગુણગાનપરાયણ જીવનું મન સદા ભગવત્સ્મૃતિવશાત્ આર્દ્ર અને વિહ્વલ રહે; જાણે દીવાની જ્યોત નિરંતર પ્રજ્વલિત રહે. (૩) ભગવદ્વ્યસન સિધ્ધ થતાં ગુણગાનપરાયણ જીવનું મન લોકવેદ માટે કામનું ન રહે અને લૌકિકવૈદિકવ્યવહારો ખોરંભે પડે; જાણે નિરંતર પ્રજ્વલિત દીવાની પ્રબળ જ્યોત અંધકારની જાળ અને કોડિયાની અપક્વતાને નષ્ટ કરી દે.

હવે થોડું સખ્યભક્તિ વિશે મારા ગયા સેમિનારના પેપરમાંથી. ''મૃગાઃ મૃગૈઃ સંગમનુવ્રજન્તિ ગાવોશ્ચ ગોભિઃ તુરગાઃ તુરંગૈઃ મૂર્ખાશ્ચ મૂર્ખૈઃ સુધિયો સુધિભિઃ સમાનશીલવ્યસનેષુ સખ્યમ્'' એવું સુભાષિત છે. સરખેસરખો સ્વભાવ અને વ્યસન હોવા જોઈએ બસ; પછી મૂરખાને મૂરખા સાથે ય જામી જાય અને પંડિતને પંડિત સાથે. ભક્ત-ભજનીયની સખ્યભક્તિના સંબંધમાં આ સમાનશીલવ્યસનાત્મકતા જ સારરૂપ છે. ભક્ત અને ભજનીય બન્ને નિરંતર આ સખ્યના આનંદને અનુભવી રહે છે; ચાખી ચાખીને બોર ધરતી શબરીને શ્રીરામચન્દ્રજી નિહાળી રહે છે અને શબરીના સ્નેહ સાથે સાથે બોરની મીઠાશને ય માણતા શ્રીરામચન્દ્રજીની રસિક સાક્ષી શબરી બની રહે છે ! નરો કટોરીમાં દૂધ કાઢી આપતી રહે છે અને શ્રીનાથજીને આરોગી આરોગીને પાછું માંગતા નિહાળી રહે છે ! ભજનીય કર્તા-ભોગ્ય/ભોક્તા અને ભક્ત રસિક સાક્ષી, તો ક્યારેક ભક્ત કર્તા-ભોગ્ય/ભોક્તા અને ભજનીય રસિક સાક્ષી; ''મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ''.

નવધાભક્તિના અન્ય અંગોની જેમ સખ્ય પણ વાત્સલ્ય, માધુર્ય આદિ ભાવપ્રધાન પ્રેમલક્ષણાભક્તિનું અંગ બની શકે છે, પણ તે સિવાય સખ્ય સ્વયં પણ એક અંગી પરિપૂર્ણ ભાવ છે, જે અષ્ટસખા વગેરેને સિધ્ધ થયેલ દેખાય છે. આને રેખાકૃતિથી સમજવું હોય તો

સખ્ય

વાત્સલ્ય

શૃંગાર

અન્ય સ્નેહસંબંધ

તે પૈકી અંગી સખ્યભાવ સહેલાઈથી સમજી શકાય તેવો છે, જ્યારે કે અંગ સખ્યભાવ થોડો અસ્પષ્ટ છે પણ હોય છે ખરો. દરેક સ્નેહસંબંધમાં એક સમાનશીલવ્યસનાત્મકતા આવવી મોડેવહેલે અપેક્ષિત હોય છે; બન્ને સ્નેહીઓની પાર્શ્વભૂમિ સર્વથા ભિન્ન કેમ ન હોય. સમાનશીલવ્યસનાત્મક સખ્ય એ ભક્તિનું અવિભાજ્ય અંગ છે. તેના વૃધ્ધિ-ક્ષય સાથે ભક્તિના વૃધ્ધિ-ક્ષય ગાઢ રીતે સંકળાયેલા છે. પણ આમાં થોડી સાવધાની પણ અપેક્ષિત છે. શરૂઆતના તબક્કે અંગી સખ્યભાવ પ્રવૃધ્ધ કરવામાં થોડું જોખમ રહેલ છે. તેથી શ્રીઆચાર્યચરણ સમર્પણ સખ્યભાવપૂર્વકનું ન ઉપદેશતા સેવકભાવપૂર્વકનું ઉપદેશે છે ''સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ તથા કાર્યં સમર્પ્યૈવ...''.

આપણી સાધનાપ્રણાલીમાં સખ્યને ય વણવામાં આવ્યું છે. સર્વનિર્ણયનિબન્ધના ભક્તિપ્રકરણમાં દર્શાવ્યું છે તેમ જેનું તમને વ્યસન છે તે સમર્પો અને જે પ્રાપ્ત કરવા કે ધરવામાં તમને ક્લેશ થતો હોય અર્થાત્ તમારા શીલને અનુરૂપ ન હોય તે ન ધરો. આવા સમર્પણથી સ્વાભાવિક છે કે સખ્યભાવ વધે. આ તો સુખના સાથની વાત થઈ, પણ તથાકથિત દુઃખના

સાથમાં પણ આ જ ભાવ જાળવી રાખવાની આજ્ઞા છે ''લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો ભવતાખિલા'' તમે રસિક સાક્ષી બની રહો તમારી જીવનલીલાના નાયક પુષ્ટિસ્થ પ્રભુના કરતૂતોના.

હવે પાછા મૂળ વિષય પર આવીએ. કથાપરાયણ વૈષ્ણવોને સખ્યભક્તિ સિધ્ધ થઈ હોય તેવા દષ્ટાંતો શોધવા માટે હવે ૬ શક્યતાઓ છે

(૧) કથાપરાયણ માહાત્મ્યજ્ઞાનયુત પ્રેમીને વાત્સલ્યાદિભાવોના અંગરૂપ સખ્યભક્તિની સિધ્ધિ.
(૨) કથાપરાયણ માહાત્મ્યજ્ઞાનયુત પ્રેમીને અંગી સખ્યભક્તિની સિધ્ધિ.
(૩) કથાપરાયણ ભગવત્સ્મૃતિથી આર્દ્ર વિહ્વળ આસક્તને અંગરૂપ સખ્યભક્તિની સિધ્ધિ.
(૪) કથાપરાયણ ભગવત્સ્મૃતિથી આર્દ્ર વિહ્વળ આસક્તને અંગી સખ્યભક્તિની સિધ્ધિ.
(૫) કથાપરાયણ વિક્ષિપ્તમનસ્થિતિવાળા ભગવદ્વ્યસનીને અંગરૂપ સખ્યભક્તિની સિધ્ધિ.
(૬) કથાપરાયણ વિક્ષિપ્તમનસ્થિતિવાળા ભગવદ્વ્યસનીને અંગી સખ્યભક્તિની સિધ્ધિ.

તે સિવાય કથાપરાયણ ભક્તોને તથા ભગવાનને ય અવાન્તરફલતયા ગુણગાનપરાયણ ભક્તોના સખ્યની સિધ્ધિ થાય છે જે સ્વયં એક પરમાહ્લાદક સંબંધ છે.

હવે આ શક્યતાઓ કેટલી વાસ્તવિક છે તે વાર્તાસાહિત્યના આધારે ચકાસીએ.

કથાપરાયણ ભક્તોના ચરિત્રોમાં સખ્યભક્તિની વિવિધ કળાઓની ઝલક નિહાળવા મળે છે. ભગવદ્વાર્તા કરતાં કરતાં નાના ભાઈ વિશ્વમ્ભરદાસને ઝોકું આવતું તો તેના બદલે શ્રીઠાકોરજી આનંદદાસની વાતમાં હોંકારો ભરતા; જાણે શ્રીઆચાર્યચરણે બંને ભાઈઓને સંન્યાસનિર્ણય ગ્રંથ ભણાવેલ તેના ''હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોઽપરે અન્યથા માતરો બાલાન્ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્'' શ્લોકને ચરિતાર્થ કરી રહ્યા હોય !. બંને ભાઈઓ બાળપણથી જ લોકવેદથી છેટા રહેતા અને શરણે આવ્યા બાદ આજીવન ભગવત્પરાયણ રહ્યા. આમ આ વાર્તા કથાપરાયણ વ્યસની ભક્તને સિધ્ધ થયેલ અંગરૂપ સખ્યભક્તિનું દષ્ટાન્ત છે, એટલે કે પાંચમી શક્યતાનું.

કન્હૈયા શાલ ક્ષત્રીની વાર્તા પણ આ જ કક્ષાની છે. શ્રીગિરિરાજજીના દર્શન થતાં જ તેઓ વિક્ષિપ્તમાનસ થઈ ગયા. શરણે આવ્યા બાદ શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજી બંનેએ સ્વયં તેમને ત્યાં પધારી સ્વરચિત ગ્રંથો તેમને ભણાવ્યા અને ત્યાર બાદ તેઓ લીલારસમાં છકેલા રહેતા અને દેહાનુસંધાન પણ ન રહેતું.

આ બંને વાર્તાઓમાં તેમના પ્રભુ પ્રત્યેના ભાવો પર વિશેષ પ્રકાશ પાડ્યો નથી એટલે અંગી સખ્યભક્તિની સિધ્ધિ બાબતે કાંઈ કહી શકાય તેમ નથી પણ ઉપરોક્ત પ્રકારની અંગરૂપ સખ્યભક્તિ તો જરૂર દેખાય છે. વળી સ્વયં પ્રભુ પણ તેઓને સાનુભાવ જતાવતા વર્ણવેલ છે જ.

સેઠ પુરુષોત્તમદાસના બેટા ગોપાલદાસ પણ આ જ કક્ષાના છે. અનોસરમાં શ્રીઠાકોરજીના નિજમંદિર સન્મુખ વિરહથી વિકલ થઈ પડ્યા રહેતા અને શ્રીઠાકોરજી તેમની વ્યથા સહન ન કરી શકતા તેમને પોકારતા.

કૃષ્ણદાસ મેઘનને વાર્તામાં શ્રીઆચાર્યચરણના મુખે નિયમિત કથાશ્રવણ કરતા અને માર્ગ હૃદયારૂઢ થયા પછી વિહ્વલ થઈ જે-તે શ્રોતા સમક્ષ કથાપ્રસંગ કહી દેતા વર્ણવેલ છે. આ ચોથી શક્યતાનું દષ્ટાન્ત છે કે કથાપરાયણ આસક્ત ભક્તને, આ કિસ્સામાં શ્રીમહાપ્રભુજીની, અંગી સખ્યભક્તિ સિધ્ધ થાય. વળી તેમના તે શ્રોતાઓ ક્ષણિક આવેશ ઉતરી જતા કથાપ્રસંગ જ ભૂલી જતા તે પ્રથમ શક્યતાનું દષ્ટાન્ત છે કે કથાપરાયણ આરંભિક કક્ષાના ભક્તિમાર્ગીને અંગરૂપ સખ્યભક્તિ સિધ્ધ થાય.

દામોદરદાસ હરસાનીજી છઠ્ઠી શક્યતાનું દષ્ટાન્ત છે. આજીવન શ્રીઆચાર્યચરણના મુખે કથાપાન કરતા અને ત્રણ-ત્રણ દિવસ સુધી તેનો આવેશ તેઓને રહેતો. વળી વાર્તાકારના મતે તેમનો શ્રીલલિતાજીનો અર્થાત્ શ્રીસ્વામિનીજી સાથે સખ્યનો રૂઢ ભાવ છે. આમ તેઓને વ્યસન અને અંગીરૂપ સખ્યભક્તિની સિધ્ધિમાં કાંઈ કહેવાપણું રહેતું નથી.

દિનકર સેઠ ક્ષત્રીની વાર્તા પાછી પાંચમી શક્યતાનું દષ્ટાન્ત છે. તેમને શ્રીઆચાર્યચરણ સ્વયં કથાના મુખ્ય અધિકારી માને એવું વ્યસન તેઓને રહેતું.

પુરુષોત્તમ જોશી સાંચોરા અને નારાયણદાસ કાયસ્થ કથાપરાયણ પ્રેમીને અંગરૂપ સખ્યભક્તિની સિધ્ધિના દષ્ટાંત છે. પુરુષોત્તમ જોશીને કૃષ્ણભટ્ટના મુખે કથા સાંભળતા આવેશમાં સવારના ઘોડાપર બેસેલા તે બપોરે મજલ પર પહોંચી ગયા

તેનું ય ભાન ન રહ્યું. નારાયણદાસ કાયસ્થને ચાકર એક એક ઘડીએ કહેતો કે ભૈયાજી ગોકુલ કબ ચલોગે ને તેઓનું મન ગોકુલના સ્મરણોમાં રમમાણ થઈ જતું. વળી આવેશ ઉતરતાં કામકાજ કરતા. વળી ચાકરના કહેતા આવેશ આવતો. પ્રભુદાસ જલોટાની આરંભિક કક્ષા પણ આમાંની જ હતી. સત્સંગના અભાવમાં મન ઉદ્વિગ્ન રહેતું હોઈ તેઓ ભાગી આવ્યા અને શ્રીઆચાર્યચરણ સાથે પૃથ્વીપરિક્રમામાં રહેવા લાગ્યા અને ધીરેધીરે ભગવદ્રસાવિષ્ટ થઈ ગયા.

સંતદાસ ચોપડા ક્ષત્રી ત્રીજા પ્રકારના અર્થાત્ અર્થૈકનિષ્ઠ કથાપરાયણ અંગરૂપ સખ્યભક્તિને પ્રાપ્ત કરેલ છે. ભર બજારમાં કોડી વેચતાં ય તેઓ ચૂપચાપ પોથી જોતા; આધુનિક કથાકારો સપ્તાહમાં પોથી વાંચતી તથા વેચતી ઘડીએ ભગવદ્રસની તુલનામાં કોડીસમાન ધનપ્રાપ્તિમાં જીવ અને ધનિકોની નિરંતર ખુશામત કરવામાં જીભ રાખે છે તેથી સદંતર વિપરીત ! વળી રોજ રાત્રે તેઓ નિયમથી ફક્ત સ્વસમાનશીલ વૈષ્ણવો સાથે જ પોતાના ઘરમાં કિંવાડ લગાડી ભગવદ્વાર્તા કરતા અને ત્યાર બાદ પોતાની ગાંઠના બે પૈસામાંથી શ્રીઠાકોરજીને ભોગ ધરેલ સામગ્રીનો પ્રસાદ બાંટતા; આજની જેમ સાત દિવસ યજમાનોને ત્યાં ધામા નાખી તેમના હિસાબે અને જોખમે કથા કરતા કથાકારોથી સદંતર વિપરીત !

અવંતિકાના મુકુંદદાસ અને તેમના ભાઈ દિનકરદાસ, વિષ્ણુદાસ છીપા, લઘુ પુરુષોત્તમદાસ, કવિરાજ ભાટ, ગોપાલદાસ ઈંટોડા ક્ષત્રી, ગડૂ સ્વામી, નરહર સંન્યાસી, અલીખાન પઠાણ, પરમાનંદ સોની, કૃષ્ણભટ્ટ, ચાચા હરિવંશજી, આદિ પણ આ પ્રકારના જ અર્થૈકનિષ્ઠ નિરુધ્ધ ગુણગાન કે / અને સ્મૃતિપરાયણ ભક્તો છે.

માધવભટ્ટ કાશ્મીરી પ્રથમ પ્રકારના અર્થાત્ માહાત્મ્યજ્ઞાન તથા પ્રેમયુત કથાપરાયણ અંગરૂપ સખ્યભક્તિને પ્રાપ્ત કરેલ ભક્ત છે એમ મૃતને જીવનદાન અને સુબોધિનીલેખનના ચરિત્રપ્રસંગો પરથી જણાય છે.

બૂલા મિશ્ર, અચ્યુતદાસ સનોઢિયા, અવધૂતદાસ અડીંગના વાસી, રસખાનજી, આસકરણદાસજી આદિ સર્વે વ્યસની કથાપરાયણ ભક્તો છે જેમને અંગરૂપ સખ્યભક્તિ અને લોકવેદનિવૃત્તિ સિધ્ધ છે.

અડેલના સુતારને જોકે શ્રીઠાકોરજીની નહીં ને શ્રીમહાપ્રભુજીની અંગીરૂપ સખ્યભક્તિ સિધ્ધ થઈ છે પણ તેમની વાર્તામાં કથાપરાયણ જીવની ભક્તિવૃધ્ધિના ત્રણે ય તબક્કાઓ દેખાય છે : પહેલા આવેશ-અનાવેશનું ચક્ર, પછી નિરન્તર સ્મૃતિ અને વિક્લિન્ન મનસ્થિતિ અને અન્તે રસવિક્ષિપ્તમાનસ !

નરોડાના ગોપાલદાસ ક્ષત્રી ત્રીજા પ્રકારના અર્થાત્ ભગસત્સ્મૃતિવિહ્વળ વિક્લિન્નમન આસક્ત કથાપરાયણ અંગરૂપ સખ્યભાવયુત ભક્તનું દ્રષ્ટાન્ત છે. તેમને અષ્ટપ્રહર શ્રીનાથજીનો વિરહ રહેતો.

અન્તે અષ્ટસખાઓ ગુણગાનપરાયણ ભગવદ્વ્યસની અંગીરૂપ સખ્યભક્તિને પ્રાપ્ત કરેલ છઠ્ઠા પ્રકારના ભગવદીયો છે.

તે સિવાય શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ચરિત્રોમાં પણ ''હરિ તેરી લીલાકી સુધિ આવે''વાળા તથા વિજ્ઞપ્તિવાળા આદિ પ્રસંગોમાં વિવિધ આવેશાત્મિકા અવસ્થાને અનુરૂપ ભાવો દષ્ટિગોચર થાય છે.

આમ ભગવદીયોના વાર્તાચરિત્રોમાં ઉપરોક્ત દરેક શક્યતાને વાસ્તવિક ઠેરવતા દષ્ટાન્તો ઉપલબ્ધ છે. તે શ્રીઆચાર્યચરણોની વ્રજભક્તોની ભક્તિવૃધ્ધિની પ્રક્રિયાના આધારે અનવતારકાલીન ભક્તિમાર્ગીઓને સાધનોપદેશ આપવાની નિર્વિવાદ કુશળતા ઘોષિત કરે છે. હવે જો આપણે આધુનિકો તે સોપાનો સર નથી કરી રહ્યા તો આપણે સ્વયં વિચારવું રહ્યું કે આપણને સેવા-કથા કરતી ઘડીએ શેના શેના ભગવદ્ભાવના એકડા વગરના મીંડાઓ જેવા આવેશ, સ્મૃતિ, અર્થૈકનિષ્ઠા, વિહ્વળતા, રતિ, વિક્ષિપ્તમનસ્થિતિ રહેતા હોય છે. થોડું વાર્તાઓનું અવગાહન નિયમિત કરતા રહીશું તો કોઈક દિવસ તો મન જરૂર પ્રપંચોમાંથી ઊઠી જશે; તદલમ્ અસિતસખ્યૈઃ !